SACHIVALAYA NEW CREDIT SOCIETY
SNCS
GANDHINAGAR
Reg No. 14309
Date. 01/03/1982

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.


બ્લોક નં. ૬, બીજો માળ, સચિવાલય સંકુલ, ગાંધીનગર.
ફોન : ૨૩૨-૫૨૯૫૪, ૨૩૨-૫૧૪૯૬.
Email : sncs1982@gmail.com
Website : https://www.sncsgujarat.org


G20
भारत 2023 INDIA



# ૪૨ મો વાર્ષિક અહેવાલ તથા હિસાબો

## સને ૨૦૨૨-૨૦૨૩

ઓડીટ વર્ગ "અ" (સૂચિત)

# વ્યવસ્થાપક મંડળ : ૨૦૨૨-૨૦૨૩



શ્રી જૈમિન જે. પટેલ
પ્રમુખ



શ્રી જયદિપસિંહ આઈ. ગોહિલ
ઉપપ્રમુખ



શ્રી હિરેન એચ. રાઠોડ
માનદ્‌મંત્રી



સુશ્રી સમીક્ષા એચ. કમાણી
સહમંત્રી



શ્રી સાર્થક એસ. ડામોર
ચેરમેન લોન સમિતિ



શ્રી તારક જે. પટેલ
ચેરમેન ખરીદ સમિતિ



શ્રી વિશાલ કે. સોલંકી
ચેરમેન આઈ.ટી. સમિતિ



શ્રી રુદ્રદત્તસિંહ બી. વાઘેલા
ડીરેક્ટર



શ્રી કીર્તિ એલ. પટેલ
ડીરેક્ટર



શ્રી મહેશ ટી. સોંદરવા
ડીરેક્ટર



શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ
ડીરેક્ટર



શ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા
ડીરેક્ટર



શ્રી આનંદ બી. શ્રીમાળી
ડીરેક્ટર



શ્રી મૃણાલ ડી. છાયા
ડીરેક્ટર



સુશ્રી માનસી ડી ખોખાણી
ડીરેક્ટર



શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા
મેનેજર

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## વ્યવસ્થાપક મંડળ

| અ.નં. | નામ | હોદ્દો | વિભાગ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જૈમિન જે. પટેલ | પ્રમુખ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૪૮૬૮ |
| ૨ | શ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ | ઉપપ્રમુખ | નાણા વિભાગ | ૫૪૭૩૧ |
| ૩ | શ્રી હિરેન એચ. રાઠોડ | માનદમંત્રી | વૈધાનિક સંસદીય બાબતો નો વિભાગ | ૫૦૯૭૯ |
| ૪ | સુશ્રી સમીક્ષા એચ. કમાણી | સહમંત્રી | સામાન્ય વહીવટ વિભાગ | ૫૦૩૭૪ |
| ૫ | શ્રી સાર્થક એસ. ડામોર | ચેરમેન લોન સમિતિ | નાણા વિભાગ | ૫૦૬૭૮ |
| ૬ | શ્રી તારક જે. પટેલ | ચેરમેન ખરીદ સમિતિ | સામાન્ય વહીવટ વિભાગ | ૫૦૪૪૬ |
| ૭ | શ્રી વિશાલ કે. સોલંકી | ચેરમેન આઇ.ટી. સમિતિ | ગુજરાત જાહેર સેવા આયોગ | ૫૮૯૯૧ |
| ૮ | શ્રી રૂદ્રદત્તસિંહ બી. વાઘેલા | ડીરેક્ટર | મહેસુલ વિભાગ | ૫૧૫૮૦ |
| ૯ | શ્રી કીર્તિ એલ. પટેલ | ડીરેક્ટર | નર્મદા જળસંપત્તિ પા.પુ અને ક.વિભાગ | ૫૧૭૬૪ |
| ૧૦ | શ્રી મહેશ ટી. સોંદરવા | ડીરેક્ટર | નર્મદા જળસંપત્તિ પા.પુ અને ક.વિભાગ | ૫૨૧૮૭ |
| ૧૧ | શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ | ડીરેક્ટર | મહેસુલ વિભાગ | ૫૧૫૬૭ |
| ૧૨ | શ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા | ડીરેક્ટર | ગુજરાત વિધાનસભા | ૫૩૦૪૫ |
| ૧૩ | શ્રી આનંદ બી. શ્રીમાળી | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૨૦૨૨ |
| ૧૪ | શ્રી મૃણાલ ડી. છાયા | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૭૭૮૬ |
| ૧૫ | સુશ્રી માનસી ડી. ખોખાણી | ડીરેક્ટર | નાણા વિભાગ | ૫૦૬૬૨ |

## કર્મચારી ગણ

| અ.નં. | નામ | હોદ્દો | ફોન નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા | મેનેજર | ૨૩૨૫૧૪૯૬ |
| ૨. | શ્રી વિષ્ણુ એચ. પ્રજાપતિ | ક્લાર્ક | ૨૩૨૫૨૯૫૪ |
| ૩. | શ્રી સંજય એન. જાની | ક્લાર્ક | ૨૩૨૫૨૯૫૪ |
| ૪. | શ્રી પરેશ એ. દવે | પટાવાળા | ૨૩૨૫૨૯૫૪ |

### ઓડીટર્સ

બી.કે. ચાવડા એન્ડ કું.
૭, બીજો માળ, સુમન ટાવર,
સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન-૦૭૯-૨૩૨૪૭૦૫૭

### બેન્કર્સ

૧. **ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લિ.**
પાટનગર શાખા, ગાંધીનગર. ફોન:૨૩૨૨૨૩૧૯

૨. **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
સચિવાલય સંકુલ, ગાંધીનગર. ફોન-૨૩૨૨૧૪૪૫

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ

આથી સર્વે સભાસદોને જણાવવામાં આવે છે કે આપણી સોસાયટીની ૪૨મી વાર્ષિક સાધારણ સભા **તા.૩૦-૦૬-૨૦૨૩ ને શુક્રવારના રોજ સાંજે ૬-૧૫ કલાકે કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળશે.** કોરમના અભાવે મુલતવી રહેલ સાધારણ સભા સોસાયટીના પેટા નિયમ-૩૧ ની જોગવાઈ પ્રમાણે અડધા કલાક પછી તે જ દિવસે અને તે જ સ્થળે મળશે અને નીચે દર્શાવેલ કાર્યસુચિ પ્રમાણે કામકાજ હાથ ધરશે.

(૧) સોસાયટીના સ્વર્ગીય સભાસદ સર્વશ્રી (૧) સ્વ. હરેશકુમાર વી. વાઘેલા (૩૧૭૬), વૈ.અને સં.બા. વિભાગને શોકાંજલી આપવા બાબત.

(૨) મંડળીના પેટા નિયમ પરિશિષ્ટ-'બ' ની જોગવાઈ મુજબ તા.૨૮-૦૬-૨૦૨૩ને બુધવારના રોજ યોજાનાર વ્યવસ્થાપક મંડળના સભ્યોની ચૂંટણીના પરીણામની જાહેરાત બાબત.

(૩) ગત તારીખ ૨૪-૦૬-૨૦૨૨ને શુક્રવારના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ મંજુર રાખવા અંગે.

(૪) (અ) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબો મંજુર રાખવા અંગે.

(બ) માર્ચ – ૨૦૨૩ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ ભલામણ મંજુર કરવા અંગે.

(૫) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નું મહેસુલી અંદાજપત્ર મંજૂર કરવા અંગે. પાના નં. ૬

(૬) સંસ્થાના સભાસદોને વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં સહકારી કાયદાની મર્યાદામાં ભેટ આપવા મંજૂરી આપવા અંગે.

(૭) સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના મંડળીના આંતરિક હિસાબો તપાસવા વ્યવસ્થાપક મંડળે કરેલ ઓડીટરની નિમણૂંકને બહાલી આપવા અને આગામી વર્ષ સને ૨૦૨૩-૨૪ ના માટે આંતરિક ઓડીટરની નિમણૂંક કરવાની વ્યવસ્થાપક મંડળને સત્તા આપવા અંગે.

(૮) વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત માટે વિવિધ વિભાગો/કચેરીઓના રોકડ શાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા કેશીયરશ્રીઓનો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવા બાબત.

(૯) પ્રમુખશ્રીની અનુમતિથી રજુ થતા અન્ય પ્રશ્નો/રજૂઆતો અંગે.

**તારીખ :** ૩૦-૦૪-૨૦૨૩
**સ્થળ :** ગાંધીનગર

**વ્યવસ્થાપક મંડળ વતી,**
**જૈમિન જે. પટેલ**
**પ્રમુખ**

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## પ્રમુખ સ્થાનેથી

**માનવંતા સભાસદ મિત્રો,**

આપણી સંસ્થાની ૪૨મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેને હદયપૂર્વક આવકારૂ છું. સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સને ૨૦૨૨-૨૦૨૩ ના મંજુર થયેલ વાર્ષિક હિસાબો તથા આંતરિક અન્વેષણ અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવુ છું. સર્વે સભાસદ મિત્રો, વ્યવસ્થાપક સમિતિના મારા સાથી મિત્રો અને થાપણદાર મિત્રોના સાથ સહકાર તેમજ કર્મચારી મિત્રોની કર્તવ્ય નિષ્ઠાથી સંસ્થા અવિરત પ્રગતિ કરી રહી છે. પ્રગતિની વિગતો વ્યવસ્થાપક મંડળના અહેવાલમાં મારા સાથી મિત્ર અને સંસ્થાના **માનદમંત્રીશ્રી હિરેન એચ. રાઠોડ** દ્વારા વિગતવાર દર્શાવેલ છે, તેથી પુનરાવર્તન ન કરતાં કેટલીક મહત્વની બાબતો તરફ આપનું ધ્યાન દોરૂ છું.

સને ૨૦૨૨-૨૩ માં સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સભાસદોના હીતમાં મુખ્યત્વે નીચે મુજબના અગત્યના નિર્ણયો લેવામાં આવેલ છે.

૧. આપણી સંસ્થાના સભાસદો પોતાની બચતોનું મહત્તમ રોકાણ સંસ્થામાં કરી શકે તે માટે આ વર્ષે સંસ્થા દ્વારા થાપણોના વ્યાજ દરોમાં વધારો કરવાનો નિર્ણય લઇ ૨૪ માસ તથા ૩૬ માસની થાપણો પર અનુક્રમે ૭.૫ ટકા તથા ૮.૦૦ ના દરે થાપણો સ્વીકારવાનું ચાલુ કરેલ છે, સાથે સાથે આપણી સંસ્થાના નિવૃત્ત સભાસદો પણ સંસ્થામાં નોમીની સભાસદ તરીકે બચત, રીકરીંગ, થાપણ વગેરેમાં નાણાનું રોકાણ કરી શકે તેવો નિર્ણય લીધેલ છે.

૨. ગતવર્ષે નવા નિમણૂંક પામેલ કર્મચારીઓને નિમણૂંક તારીખથી જ સભ્ય બનાવવા માટે પેટાકાયદામાં સુધારો કરવામાં આવેલ જેનો અમલ ચાલુ વર્ષે કરી સભ્યપદ માટેની સ્પેશીયલ ડ્રાઈવ કરવામાં આવેલ હતી જેથી વર્ષ દરમ્યાન ૩૦૫ નવા સભાસદો સંસ્થામાં દાખલ થયેલ છે આમ સંસ્થાની સભ્ય સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે.

૩. વર્ષ દરમ્યાન અવસાન પામેલ ત્રણ સભાસદોના વારસદારોને રૂા ૬ લાખની સહાય સંસ્થા દ્વારા કરવામાં આવેલ હતી.

**નફો :-**

સભાસદોના હિતને ધ્યાને લઇ ધીરાણ પરનો વ્યાજનો દર જે અગાઉ ૧૦.૫ ટકા હતો જે તારીખ ૦૧-૦૪- ૨૦૨૨ થી ઘટાડીને ૯.૯૦ કરવામાં આવેલ હતો આમ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં સંસ્થાને ધીરાણ વ્યાજની આવક પર ૦.૬૦ ટકાનો ઘટાડો થયેલ હોવા છતાં આપણી સંસ્થાએ આ વર્ષે રૂા **૭૬,૪૪,૬૮૮.૫૦** નો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ નફો કરવાની સિધ્ધિ હાસલ કરેલ છે જે આપણા સર્વે તથા સંસ્થા માટે ગૌરવ લઇ શકાય તેવી બાબત છે.

**થ્રિફ્ટ ફંડ વ્યાજ અને શેર ડિવિડન્ડ :-**

સંસ્થાની અવિરત પ્રગતિ અને વિકાસના પરિપાક રૂપે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં થ્રિફ્ટ ફંડ ઉપર ૯% વ્યાજ તથા શેર ઉપર ૧૫% પ્રમાણે ડિવિડન્ડ ચુકવવાની ભલામણ કરવામાં આવી છે.

**કેશ ક્રેડિટ :-**

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક દ્વારા મંજુર થયેલ કેશ ક્રેડિટની મર્યાદા કે જે અગાઉના વર્ષમાં રૂા.૪ (ચાર) કરોડની હતી જે ચાલું વર્ષે પણ રૂા.૪ કરોડ ની મંજૂર કરવામાં આવી છે. જે માટે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ચેરમેનશ્રી અજયભાઇ પટેલ, અધિકારીશ્રી કિરીટભાઇ ઠાકર તથા બેંક ઇન્સ્પેક્ટરશ્રી શિવેશભાઇ પાંડે નો હૃદયપૂર્વક આભાર માનું છું. કેશ ક્રેડિટ પર વ્યાજનો દર જે હાલમાં ૧૧% છે તે ઘટાડવા અંગે પણ વ્યવસ્થાપક મંડળ દ્વારા રૂબરૂ મુલાકાત કરીને રજૂઆત કરવામાં આવેલ છે.

**સભાસદ કલ્યાણ ફંડ :-**

સંસ્થાના સભાસદ તથા કર્મચારીના અવસાનના કીસ્સામાં રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) પૂરા ની સંસ્થા દ્વારા સહાય આપવામાં આવે છે.

સંસ્થાના સભાસદોને ભવિષ્યમાં નિવૃત્તિ પેટે ચૂકવવાના ખર્ચને પહોંચી વળવા માટે સને ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષમાં સભાસદ કલ્યાણ ફંડમાં રૂા. ૩૨,૨૬,૪૧૫/- જેટલી માતબર રકમની ફાળવણી સૂચવેલ છે.

**ભોજન વ્યવસ્થા :-**

**આથી સર્વે સભાસદ મિત્રોને જણાવતાં હર્ષની લાગણી અનુભવુ છું કે, આપણી આગામી તા. ૩૦/૦૬/૨૦૨૩ના રોજ યોજાનાર સાધારણ સભામાં ભોજનની વ્યવસ્થા સાંજે ૭-૩૦ કલાકે ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨ ખાતે** રાખેલ છે અને ભોજન વ્યવસ્થામાં અવ્યવસ્થા કે અસુવિધા ઉપસ્થિત થાય નહી તે માટે દરેક સભાસદે પોતાના આઇ-કાર્ડ સાથે સાધારણ સભામાં હાજર રહેવા વિનંતી છે. વધુમાં ભોજન વ્યવસ્થા ફક્ત સભાસદ પૂરતી સિમિત રાખેલ છે જેની નોંધ લેવા વિનંતી છે.

**સભાસદ ભેટ અંગે :-**

સાધારણ સભાની અનુમતિથી દર વર્ષે સભાસદોને રૂા ૭૫૦ની મર્યાદામાં ભેટ આપવામાં આવે છે. સભાસદોને પસંદગી મળે રહે તે માટે અગાઉના વર્ષથી વ્યવસ્થાપક મંડળ દ્વારા ભેટની પસંદગીમાં ત્રણ વિકલ્પ આપવાની શરૂઆત કરવામાં આવેલ હતી તે ચાલુ વર્ષે પણ જાળવી રાખેલ છે.

સમગ્ર વર્ષ દરમ્યાન સતત કાર્યદક્ષતા અને ઉત્સાહ દાખવી રોજ-બરોજની કામગીરીમાં સક્રિય રસ લેનારા મારા સાથી મિત્ર અને માનદમંત્રીશ્રી હિરેન એચ. રાઠોડ તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન નિરંતર સાથ સહકાર અને માર્ગદર્શન પુરૂ પાડવા બદલ મારા તમામ સાથી હોદ્દેદાર મિત્રો અને વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ હોદ્દેદાર મિત્રો, એસોશિએશનના હોદ્દેદાર મિત્રો, સંસ્થાના મેનેજર અને કર્મચારીગણ, સંસ્થાના આંતરિક ઓડિટરશ્રી બી.કે. ચાવડા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સ્ટેટ બેંકના મેનેજરશ્રી તથા કર્મચારી મિત્રો તેમજ ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના અધિકારીશ્રી ઠાકર સાહેબ, બેંક ઇન્સ્પેક્ટરશ્રી શિવેશભાઇ પાંડે, મેનેજરશ્રી તેમજ સર્વે કર્મચારીગણ, જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી કોદરભાઇ પટેલ, સંસ્થાના પ્રોગ્રામરશ્રી સુનિલભાઇ શુકલ, તેમજ વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત નિયત સમયમર્યાદામાં કરવા બદલ તમામ વિભાગની રોકડશાખાના કર્મચારીઓ, કેશિયરશ્રીઓ અને અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહયોગ અને સહકાર બદલ વ્યક્તિગત રીતે અને સંસ્થાવતી હાર્દિક આભાર માનુ છું.

અંતમાં સંસ્થા વધુને વધુ પ્રગતિ સાધે અને સિધ્ધિના સર્વોચ્ચ શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છા સાથે વિરમુ છું.

**આપનો,**

**જૈમિન જે. પટેલ**

**પ્રમુખ**

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## વ્યવસ્થાપક મંડળનો અહેવાલ સને ૨૦૨૨-૨૦૨૩

૩૧ મી માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થતા આપણી સોસાયટીના ૪૨મા વર્ષનો અહેવાલ અને હિસાબો આપની સમક્ષ રજૂ કરતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

**સભાસદ સંખ્યા : ૧૯૯૭**

તા.૩૧ મી માર્ચ ૨૦૨૨ ના રોજ પુરા થતાં વર્ષના અંતે સોસાયટીની સભ્ય સંખ્યા ૧૭૯૩ હતી જેમાં વર્ષ દરમ્યાન કુલ ૩૦૫ નવા સભાસદોને પ્રવેશ આપવાથી કુલ સભ્ય સંખ્યા ૨૦૯૮ થવા પામેલ, જે પૈકી વર્ષ દરમ્યાન ૧ સભાસદના અવસાન થવાથી, ૭૦ સભાસદો નિવૃત્ત થવાથી અને ૩૦ સભાસદોએ સ્વૈચ્છિક રાજીનામા આપવાના કારણે છૂટા થવાથી તા.૩૧મી માર્ચ ૨૦૨૩ને અંતે કુલ સભાસદ ૧૯૯૭ રહેવા પામેલ છે. વર્ષ દરમ્યાન દિવંગત સભાસદોના વારસદારને મૃત્યુ સહાય પેટે રૂા.૬,૦૦,૦૦૦/- તથા નિવૃત્ત સભાસદોને નિવૃત્તિ સહાય પેટે રૂા.૧૭,૪૦,૦૦૦/- ચુકવવામાં આવેલ છે.

**ધિરાણ :-**

સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ દરમ્યાન સોસાયટી દ્વારા ધિરાણ અને વસુલાત ક્ષેત્રે પ્રશંસનિય કામગીરી બજાવવામાં આવેલ છે. જે સોસાયટીના વ્યવસ્થાપક મંડળના સહિયારા પુરૂષાર્થનું પરિણામ છે. સને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષના અંતે સોસાયટીની ધિરાણ બાકી રૂા.૨૨,૦૮,૧૧,૮૦૦/- હતી જ્યારે સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ દરમ્યાન રૂા.૧૮,૮૦,૭૨,૬૧૦/- નું ધિરાણ કરેલ છે. આમ તા.૩૧ મી માર્ચ ૨૦૨૩ ને અંતે કુલ ધિરાણ રૂા.૪૦,૮૮,૮૪,૪૧૦/- થયેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન રૂા.૧૪,૭૪,૦૬,૮૬૦/- ની વસુલાત થયેલ છે. આમ તા.૩૧ મી માર્ચ ૨૦૨૩ ના રોજ રૂા.૨૬,૧૪,૭૭,૫૫૦/- ધિરાણ બાકી રહે છે.

**બાંધી મુદત થાપણ :-**

તા.૦૯-૧૦-૨૦૧૯ થી સંસ્થામાં થાપણો સ્વિકારવાની શરૂ કરવામાં આવેલ હતી જેની તા.૩૧-૦૩-૨૦૨૩ ના રોજ બાકી રૂા.૭,૪૫,૩૫,૧૭૧/- છે. આમ થાપણોમાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે.

**બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ :-**

સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ દરમ્યાન બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ ખાતામાં નાણાનો પ્રવાહ સતત ચાલુ રહેવા પામેલ છે. જેને પરિણામે તા.૩૧-૩-૨૦૨૩ ના રોજ અનુક્રમે બચત ખાતામાં રૂા.૧,૭૩,૧૦,૦૭૮/-, સ્પે. બચત ખાતામાં રૂા.૫,૦૯,૮૬,૯૩૫/-, રીકરીંગ ખાતામાં રૂા.૩૫,૪૮,૩૦૦/- અને સ્પે. રીકરીંગ ખાતામાં રૂા.૫૬,૯૯,૧૦૦/- મળી કુલ એકત્રિત બચત રૂા.૭,૭૫,૪૪,૪૧૩/- રહેવા પામેલ છે. આ માટે સોસાયટીમાં વિશ્વાસ અને શ્રધ્ધા સાથે બચત, રીકરીંગ અને થાપણ મુકનાર તમામ થાપણદારોનો વ્યવસ્થાપક મંડળ હાર્દિક આભાર માને છે.

**ફરજિયાત બચત (થ્રિફ્ટફંડ) પર વ્યાજ :-**

સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ દરમ્યાન જમા આવેલ થ્રિફ્ટ ફંડની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા પેટા નિયમ-૫૬ (૨) ની જોગવાઇ મુજબ ૯% વ્યાજની જોગવાઇ કરવામાં આવેલ છે.

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## શેર ડિવિડન્ડ

સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ દરમ્યાન વસુલ આવેલ તેમજ જમા બાકી રહેતા શેર ફાળાની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા સહકારી કાયદાની જોગવાઈ અનુસાર ૧૫% ડિવિડન્ડ ચુકવવાનું સુચવવામાં આવે છે.

## નફાની ફાળવણી

સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના અંતે રૂ.૭૬,૪૪,૬૮૮-૫૦ નફો થવા પામેલ છે. જેની ફાળવણી નીચે મુજબ સુચવેલ છે.

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૭૬૪૪૬૯.૦૦ | |
| ૨ | શેર ડિવિડન્ડ (તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૫ | ૧૯૩૫૨૬૦.૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૨૧૭૨૪.૫૦ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૧૯૧૧૧૭.૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૧૧૪૬૭૦૩.૦૦ | ૪૦૫૯૨૭૩.૫૦ |
| | બાકી વહેંચણીપાત્ર નફો | | | ૩૫૮૫૪૧૫.૦૦ |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૨૮૫૦૦૦.૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૭૪૦૦૦.૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૩૨૨૬૪૧૫.૦૦ | |
| | કુલ ફાળવણી | | | ૭૬૪૪૬૮૮.૫૦ |

## મહેસુલી અંદાજપત્ર સને ૨૦૨૩-૨૦૨૪

| આવક | રકમ રૂ. | જાવક | રકમ રૂ. |
|---|---|---|---|
| વ્યાજ આવક | ૨,૬૭,૦૦,૦૦૦-૦૦ | વ્યાજ ખર્ચ | ૧,૩૩,૫૦,૦૦૦-૦૦ |
| અન્ય આવક | ૧,૫૦,૦૦૦-૦૦ | વહીવટી તથા અન્ય ખર્ચ | ૬૫,૦૦,૦૦૦-૦૦ |
| | | નફો | ૭૦,૦૦,૦૦૦-૦૦ |
| **કુલ** | **૨,૬૮,૫૦,૦૦૦-૦૦** | **કુલ** | **૨,૬૮,૫૦,૦૦૦-૦૦** |

વ્યવસ્થાપક મંડળ વતી,

**હિરેન એચ. રાઠોડ**

માનદ્‌મંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## ચુંટણીની જાહેરાત અને કાર્યક્રમ

(૧) વ્યવસ્થાપક મંડળના વર્તમાન સભ્યો સર્વ (૧) **શ્રી સાર્થક સોમાજી ડામોર** (૨) **શ્રી જયદિપસિંહ ઈન્દ્રજીતસિંહ ગોહિલ** (૩) **શ્રી મહેશ ટપુભાઈ સોંદરવા** (૪) **શ્રી હિરેન હસમુખભાઈ રાઠોડ** (૫) **શ્રી વિશાલ ખુશાલભાઈ સોલંકી** પેટા નિયમની જોગવાઈ મુજબ ક્રમાનુસાર નિવૃત્ત થાય છે. આ પાંચ જગ્યા માટે આગામી તા. ૨૮-૦૬-૨૦૨૩ ને બુધવાર ના રોજ ચુંટણી યોજવામાં આવનાર છે. નિવૃત્ત થતાં વ્યવસ્થાપક મંડળના સભ્યો પણ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૨) મતદારયાદીમાં નોંધાયેલા હોય તે પૈકી કોઇ પણ સભ્ય ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૩) ઉમેદવારી પત્રક માન્ય રાખવા કે રદ કરવા તેમજ ચુંટણી અંગેના કોઈપણ વિવાદ બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૪) મતદારોએ મતદાન વખતે વિભાગ / કચેરી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે. ઓળખપત્ર કે અન્ય ઓળખ માટે પુરાવાઓ ન હોય તેવા સંજોગોમાં મતદાન કરવા દેવું કે કેમ ? તે બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) ઉમેદવારી પત્રક સાથે મતદાર યાદી રૂ ૨૫/- ની કિંમત ચુકવ્યેથી સોસાયટીના કાર્યાલયના સમય દરમ્યાન મળી શકશે.

(૬) ઉમેદવારી પત્રક સાથે રૂ ૨૫૦.૦૦ (રૂપિયા બસો પચાસ પુરા) ડીપોઝીટ તરીકે આપવાના રહેશે.

(૭) ચુંટણીમાં થયેલ કુલ મતદાનના ૧૦% કરતાં ઓછા મત મેળવનાર ઉમેદવારની ડીપોઝીટની રકમ જપ્ત થશે.

(૮) ચુંટણી અધિકારીની નિમણુંક અંગેની જાહેરાત સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.

### ચુંટણી કાર્યક્રમ

| અ.નં. | કાર્યક્રમની વિગત | તારીખ | વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ઉમેદવારી પત્રકની વહેંચણી | ૦૩-૦૬-૨૦૨૩ થી ૦૯-૦૬-૨૦૨૩ | શનિવાર થી શુક્રવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૨ | ઉમેદવારી પત્રક ભરીને પરત કરવા અંગે | ૦૩-૦૬-૨૦૨૩ થી ૦૯-૦૬-૨૦૨૩ | શનિવાર થી શુક્રવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૩ | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદ પ્રાથમિક યાદીની પ્રસિધ્ધિ | ૦૯-૦૬-૨૦૨૩ | શુક્રવાર | સાંજના ૬-૧૫ કલાક સુધી | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૪ | ઉમેદવારી પત્રક પરત ખેંચવા અંગે | ૧૨-૦૬-૨૦૨૩ થી ૧૩-૦૬-૨૦૨૩ | સોમવાર થી મંગળવાર | સવારના ૧૧ થી સાંજના ૬ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૫ | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદની આખરી યાદીની પ્રસિધ્ધિ | ૧૩-૦૬-૨૦૨૩ | મંગળવાર | સાંજના ૬-૧૫ કલાક સુધી | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૬ | ગુપ્ત મતદાન દ્વારા ચુંટણી અને ચુંટણી સ્થળ | ૨૮-૦૬-૨૦૨૩ | બુધવાર | સવારના ૧૦ થી સાંજના ૬-૧૦ સુધી | સચિવાલય સંકુલ બ્લોક નં ૬ના ભોંયતળીયે. |
| ૭ | મત ગણતરી | ૨૮-૦૬-૨૦૨૩ | બુધવાર | સાંજના ૮ કલાક થી | જુના સચિવાલય કેન્ટીન |
| ૮ | વિધિસરના પરિણામની જાહેરાત | ૩૦-૦૬-૨૦૨૩ | શુક્રવાર | સાંજના ૬-૧૫ કલાકે | ઉમીયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સે-૧૨ |

તારીખ : ૩૦-૦૪-૨૦૨૩
સ્થળ : ગાંધીનગર.

વ્યવસ્થાપક મંડળ વતી,
**જયદિપસિંહ આઈ. ગોહિલ**
ઉપપ્રમુખ

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ

**તા.૨૪-૦૬-૨૦૨૨ ને શુક્રવાર ના રોજ યોજાયેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ**

આજ રોજ તા.૨૪-૦૬-૨૦૨૨ ને શુક્રવારે સાંજે ૬-૧૫ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ચ-૫, સેક્ટર-૧૭ ખાતે સોસાયટીની સાધારણ સભા મળી જે નોન કોરમ થતાં અડધા કલાક બાદ એટલે કે ૬-૪૫ કલાકે પેટા નિયમ ૩૧ ની જોગવાઇ મુજબ તે જ સ્થળે સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

આજની સભામાં અધ્યક્ષ તરીકે સંસ્થાના પ્રમુખશ્રી હિરેનકુમાર આર. પટેલના નામની દરખાસ્ત સંસ્થાના માનદમંત્રીશ્રી જીતેન્દ્ર જે. સોની દ્વારા કરવામાં આવી જેને સંસ્થાના સહમંત્રીશ્રી જયદિપસિંહ આઇ ગોહિલ દ્વારા ટેકો આપવામાં આવતાં સાધારણ સભાના અધ્યક્ષ તરીકે શ્રી હિરેનકુમાર આર. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી અને નીચે દર્શાવેલ કાર્યસૂચિ પ્રમાણે સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**ઠરાવ નં.૧**

સોસાયટીના સ્વર્ગીય સભાસદ સર્વશ્રી (૧) સ્વ. પ્રિયા કે. ડામોર (૪૮૫૬), ગુજરાત વિધાનસભા, (૨) સ્વ.સુખાભાઇ બી. રબારી (૪૪૪૩), ગૃહ વિભાગ, (૩) સ્વ. ભરતકુમાર જે. ગાવિત (૩૩૦૪), બંદરો અને વાહન વ્યવહાર વિભાગને આજની સભા શોકાંજલી અર્પણ કરે છે અને તેઓના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવે છે.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં. ૨**

આજની સામાન્ય સભામાં સોસાયટીના પેટા નિયમ પરિશિષ્ટ 'બ' ની જોગવાઇ પ્રમાણે તા.૨૩-૦૬-૨૦૨૨ને ગુરૂવારના રોજ વ્યવસ્થાપક મંડળના સભ્યોની થયેલ ચૂંટણીનું પરિણામ મદદનીશ મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી પ્રહલાદજી કે. ગોલ સાહેબ દ્વારા જાહેર કરવામાં આવ્યું જેને સાધારણ સભાએ સહર્ષ સ્વીકારી મંજૂરી આપી. ચૂંટણીના પરિણામ અને વિજેતા ઉમેદવારોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ઉમેદવારનું નામ | મેળવેલ મતો |
|---|---|---|
| ૧ | શ્રી વિશ્વજીતસિંહ ઘનશ્યામસિંહ ચૌહાણ | ૬૮૨ |
| ૨ | શ્રી જસ્મીનકુમાર પ્રવિણભાઇ કાવઠિયા | ૬૭૬ |
| ૩ | શ્રી આનંદ ભરતકુમાર શ્રીમાળી | ૬૪૩ |
| ૪ | શ્રી મૃણાલ દેવાંગભાઇ છાયા | ૬૩૮ |
| ૫ | સુશ્રી માનસી ધીરૂભાઇ ખોખાણી | ૬૦૭ |

આમ ઉપર્યુક્ત પાંચ ઉમેદવારો પ્રથમ ક્રમે આવતા હોઇ વિજેતા જાહેર કરવામાં આવ્યા.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૩** આજની સભામાં સોસાયટીની ગત તા.૧૩-૦૮-૨૦૨૧ ને શુક્રવાર ના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લેવામાં આવી વિસ્તૃત ચર્ચાના અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૪** (અ) આજની સભામાં સને ૨૦૨૧-૨૨ ના વર્ષના વાર્ષિક અહેવાલ તથા તારીખ ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ પૂરા થતાં વર્ષના નાણાકિય હિસાબો વંચાણે લેવામાં આવ્યા અને મંજુર રાખવાનું ઠરાવાયું

(બ) માર્ચ-૨૦૨૨ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ નીચે મુજબની નફાની ફાળવણી ને બહાલી આપવામાં આવી.

**નફાની ફાળવણી**

સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષના અંતે રૂા.૬૫,૯૩,૧૬૦-૦૦ નફો થવા પામેલ છે. જેની ફાળવણી નીચે મુજબ સુચવેલ છે.

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૬,૫૯,૩૧૬-૦૦ | |
| ૨ | શેર ડિવિડન્ડ (તા.૦૧-૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩-૨૦૨૨ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૫ | ૧૮,૧૯,૮૫૩-૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩-૨૦૨૨ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૧૫,૯૮૨-૦૦ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૧,૬૪,૮૨૯-૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૯,૮૮,૯૭૪-૦૦ | **૩૬,૪૮,૯૫૪-૦૦** |
| | બાકી વહેંચણીપાત્ર નફો | | | **૨૯,૪૪,૨૦૬-૦૦** |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૨,૨૦,૦૦૦-૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૭૫,૦૦૦-૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૨૬,૪૯,૨૦૬-૦૦ | |
| | **કુલ ફાળવણી** | | | **૬૫,૯૩,૧૬૦-૦૦** |

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૫** આજની સભામાં વાર્ષિક વહીવટી અહેવાલના પાના નં.૬ ઉપર દર્શાવેલ આગામી સને ૨૦૨૨-૨૩ ના વર્ષનું મહેસુલી અંદાજપત્ર વંચાણે લેવામાં આવ્યું અને મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૬** આજની સભામાં વાર્ષિક વહીવટી અહેવાલના પાના નં.૧૮ ઉપર દર્શાવેલ પેટા નિયમમાં સૂચિત સુધારા વંચાણે લેવામાં આવ્યા.

| નંબર | ચાલુ પેટાકાયદો | પેટાકાયદામાં સુધારો | કારણ |
|---|---|---|---|
| ૮(૧) | જે પરિશિષ્ઠ 'અ' માં જણાવેલ પૈકીના વિભાગ /કચેરીમાં ગાંધીનગર બહાર તબદીલ કે બિનબદલીપાત્ર કાયમી અથવા હંગામી નિમણૂંક ધરાવનાર વર્ગ-૧, વર્ગ-૨ના અધિકારી અને વર્ગ-૩ ના કર્મચારી અથવા તેવા સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ આધારે સીધી ભરતીથી કરારીય ધોરણે નિમણૂંક પામેલા કે જેમણે કરારનો એક વર્ષનો સમયગાળો પૂર્ણ કરેલ હોય. | જે પરિશિષ્ઠ 'અ' માં જણાવેલ પૈકીના વિભાગ /કચેરીમાં ગાંધીનગર બહાર તબદીલ કે બિનબદલીપાત્ર કાયમી અથવા હંગામી નિમણૂંક ધરાવનાર વર્ગ-૧, વર્ગ-૨ના અધિકારી અને વર્ગ-૩ ના કર્મચારી અથવા તેવા સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ આધારે સીધી ભરતીથી કરારીય ધોરણે નિમણૂંક પામેલા હોય. | પરિશિષ્ઠ 'અ' માં જણાવેલ વિભાગ/ કચેરીમાં નિમણૂંક પામેલા કર્મચારીઓને નિમણૂંક તારીખથી સંસ્થામાં સભ્યપદ આપવા માટે. |
| ૫૬(૧) | સોસાયટી ફરજીયાત બચત(થ્રીફ્ટફંડ) એકત્ર કરશે. જેમાં તમામ સભાસદે દર મહિને વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી પરંતું મહત્તમ રૂા ૧૦૦ ની મર્યાદામાં રકમ ફરજીયાત બચત (થ્રીફ્ટફંડ) તરીકે અચુક આપવાની રહેશે. | સોસાયટી ફરજીયાત બચત(થ્રીફ્ટફંડ) એકત્ર કરશે. જેમાં તમામ સભાસદે દર મહિને વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી પરંતું મહત્તમ રૂા ૫૦૦ ની મર્યાદામાં રકમ ફરજીયાત બચત (થ્રીફ્ટફંડ) તરીકે અચુક આપવાની રહેશે. | સંસ્થાનું સ્વભંડોળ અને સભાસદોની ફરજીયાત બચત (થ્રીફ્ટફંડ) ને તબક્કાવાર વધારવા ના હેતુથી. |

ઉપરોક્ત પેટા નિયમમાં સૂચિત સુધારોઓ વિસ્તૃત ચર્ચાને અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૭** આજની સભામાં સંસ્થાના સભાસદોને સને ૨૦૨૨-૨૩ના વર્ષના નફા માંથી આપવામાં આવતી ભેટ બાબતે ચર્ચા કરવામાં આવી અને સહકારી કાયદાની મર્યાદામાં સભાસદોને ભેટ આપવી તેમ ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૮** આજની સભામાં સોસાયટીના સને ૨૦૨૧-૨૨ ના વર્ષના આંતરીક હિસાબો અને વાર્ષિક અન્વેષણ માટે વ્યવસ્થાપક મંડળ દ્વારા નિમવામાં આવેલ ઓડીટરશ્રી બી.કે.ચાવડા એન્ડ કું. ની નિમણૂંકને બહાલી આપવામાં આવી અને આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે આંતરિક અન્વેષકની નિમણૂંક કરવાની સત્તા વ્યવસ્થાપક મંડળને સોંપવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૯** આજની સભામાં સમગ્ર વર્ષ દરમિયાન મંડળીના ધિરાણની વસૂલાત માટે સચિવાલયના વિવિધ વિભાગો અને કચેરીઓના રોકડ શાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ અને કેશીયરશ્રીઓ નો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૧૦ પ્રમુખ સ્થાનેથી**

(૧) આજની સભામાં શ્રી આશિષકુમાર કે. પરિજીયા સભાસદ ક્રમાંક ૩૭૪૯ દ્વારા સભાસદોના પગારમાંથી કપાત કરી અવસાન પામનાર સભાસદના વારસદારને વધારે સહાય આપવા અંગે સુચન કરવામાં આવ્યું. જે અંગે પ્રમુખશ્રી દ્વારા સંસ્થાની સ્થિતિ તેમજ આપવામાં આવતા લાભો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

(૨) આજની સભામાં ભૂમિકા કે. પ્રજાપતિ સભાસદ ક્રમાંક ૪૦૭૮ દ્વારા સંસ્થાના વ્યવસ્થાપક મંડળમાં મહીલા અનામત રાખવા અંગેની રજૂઆત કરવામાં આવી. જે અંગે પ્રમુખશ્રી /માનદમંત્રીશ્રી દ્વારા આ અંગે સહકારી મંડળીના નિયમોનુસાર બોર્ડ ઓફ ડીરેક્ટર્સ વિચારણા કરી યોગ્ય નિર્ણય લેશે તેમ જણાવવામાં આવ્યું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

(૩) આજની સભામાં સંસ્થાની નવી વેબ સાઇટનો ડેમો સંસ્થાના પ્રોગ્રામરશ્રી સુનિલ શુકલ દ્વારા આપવામાં આવ્યો. જેમાં સંસ્થાની નવી વેબસાઇટનો ઉપયોગ સભાસદોએ કેવી રીતે કરવો, વેબસાઇટમાં કઇ કઇ વિગતો મૂકવામાં આવી છે તે અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

અન્ય કોઇ કામગીરી બાકી ન રહેતાં સંસ્થાના સહમંત્રીશ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ દ્વારા સભામાં હાજર રહેલા સભાસદો, વ્યવસ્થાપક મંડળ, સંસ્થાના મેનેજર, કર્મચારી મિત્રો, ચૂંટણી અધિકારીશ્રી વિજયસિંહ પી. ચાવડા સાહેબ, ચૂંટણી સ્ટાફ તથા સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સ્ટાફનો આભાર માનવામાં આવ્યો અને સભાની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી

**(હિરેનકુમાર આર.પટેલ)**
પ્રમુખ

**(જીતેન્દ્ર જે. સોની)**
માનદ્‌મંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

**૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના થ્રિફ્ટફંડ વ્યાજ, શેર ડિવિડન્ડની ચુકવણી અંગેની જાહેરાત**

આથી તમામ સભાસદ મિત્રોને જણાવવાનું કે, સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષનું થ્રિફ્ટફંડ વ્યાજ તથા શેર ડિવિડન્ડની રકમ **સભાસદ મિત્રોના સ્પે. બચતખાતામાં જમા આપવામાં આવશે અને સભાસદ ઇચ્છે તો સ્પે. બચત ઉપાડ સ્લીપ દ્વારા રોકડમાં ચુકવણી કરવામાં આવશે.** ડિવિડન્ડની ચુકવણીમાં અવ્યવસ્થા કે અસુવિધા ઉપસ્થિત થાય નહી તે હેતુથી દરેક સભાસદ મિત્રોએ પોતાના સભાસદ નંબર સામે દર્શાવેલ તારીખ અને સમયે જ આવવાનું રહેશે.

| સભાસદ નંબર | તારીખ અને વાર | સમય |
|---|---|---|
| ૧ થી ૩૭૦૦ | ૧૧-૦૭-૨૦૨૩ મંગળવાર | ૧૦-૩૦ થી ૩-૦૦ |
| ૩૭૦૧ થી ૪૨૦૦ | ૧૨-૦૭-૨૦૨૩ બુધવાર | ૧૦-૩૦ થી ૩-૦૦ |
| ૪૨૦૧ થી ૪૮૦૦ | ૧૩-૦૭-૨૦૨૩ ગુરૂવાર | ૧૦-૩૦ થી ૩-૦૦ |
| ૪૮૦૧ થી તમામ | ૧૪-૦૭-૨૦૨૩ શુક્રવાર | ૧૦-૩૦ થી ૩-૦૦ |

## અગત્યની સુચના

(૧) સને ૨૦૨૨-૨૦૨૩ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો પૈકી કોઇ મુદ્દા અંગે સાધારણ સભામાં સ્પષ્ટતા મેળવવા ઇચ્છતા સભાસદ મિત્રોએ, સાધારણ સભામાં યોગ્ય ખુલાસો થઇ શકે તે માટે મુદ્દાઓની અગાઉથી લેખિતમાં જાણ બે નકલમાં તા.૧૫-૦૬-૨૦૨૩ને ગુરૂવાર સુધીમાં કાર્યાલયમાં કરવાની રહેશે અન્યથા પ્રમુખશ્રીની મંજુરીથી પ્રશ્નો પુછી શકાશે.

(૨) વાર્ષિક હિસાબો, સરવૈયા અને નફા-નુકશાન ખાતાને સંબંધિત પ્રશ્નો અલગ-અલગ કાગળ પર આપવાના રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના વાર્ષિક અહેવાલની નકલ સાધારણ સભામાં અવશ્ય સાથે લાવવા વિનંતી છે.

(૪) તા.૩૧-૦૫-૨૦૨૩ સુધીના શેર સર્ટીફીકેટ તૈયાર છે. જે સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

(૫) સને ૨૦૨૪ ના વર્ષના કેલેન્ડર રોકડેથી ખરીદ કરવા ઇચ્છતા સભાસદે ૧૫ મી ડીસેમ્બર-૨૦૨૩ સુધીમાં સંસ્થામાં રૂબરૂ સંપર્ક કરવા અને એડવાન્સ રકમ ભરી દેવા વિનંતી છે.

## અગત્યની નોંધ

(૧) **આથી સર્વે સભાસદ મિત્રોને જણાવવાનું કે, સહકારી કાયદાની જોગવાઇ અન્વયે દરેક સભાસદે છેલ્લી પાંચ સાધારણ સભામાંથી કોઇ પણ બેમાં હાજર રહેવું ફરજીયાત છે. જો એમ ન થાય તો તે સભ્ય પદેથી દૂર થવાને પાત્ર થાય છે.**

વ્યવસ્થાપક મંડળ વતી,
**સુશ્રી સમીક્ષા એચ. કમાણી**
સહમંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## તા.૩૧મી માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થતા વર્ષનું નફાનુકશાન ખાતું

| જાવક | રૂા. પૈસા | આવક | રૂા. પૈસા |
|---|---|---|---|
| **ચુકવેલ વ્યાજ** | | **મળેલ વ્યાજ** | |
| થ્રિફ્ટફંડ વ્યાજ | ૫,૪૫,૩૯૫.૦૦ | ધિરાણ વ્યાજ | ૨,૪૧,૭૭,૪૪૬.૦૦ |
| બાંધી મુદત થાપણ વ્યાજ | ૩૮,૨૩,૯૩૧.૦૦ | દંડનીય વ્યાજ | ૫૨૫.૦૦ |
| રીકરીંગ વ્યાજ | ૨,૫૮,૫૭૭.૦૦ | એડીસી બચત એકા. વ્યાજ | ૫૭૫.૦૦ |
| સ્પે. રીકરીંગ વ્યાજ | ૨,૮૦,૬૧૧.૦૦ | શેર ડીવીડન્ડ | ૧,૫૦,૦૦૦.૦૦ |
| બચત વ્યાજ | ૩૭,૩૯,૬૮૬.૦૦ | | **૨,૪૩,૨૮,૫૪૬.૦૦** |
| કેશ ક્રેડીટ વ્યાજ | ૨૫,૯૧,૮૧૨.૦૦ | **અન્ય આવક** | |
| | **૧,૧૨,૪૦,૦૧૨.૦૦** | ધિરાણ ફોર્મ આવક | ૧,૨૮૦.૦૦ |
| **વહીવટી તથા અન્ય ખર્ચ** | | સભ્યપદ ફોર્મ આવક | ૫૩૫.૦૦ |
| મૃત્યુ સહાય ખર્ચ | ૬,૦૦,૦૦૦.૦૦ | સ્ટેશનરી આવક | ૩૫૫.૦૦ |
| પગાર ખર્ચ | ૨૫,૪૮,૦૮૭.૦૦ | લેઝર ફોલીયો ચાર્જ | ૧,૪૪,૬૧૦.૦૦ |
| સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ખર્ચ | ૪૯,૨૦૨.૦૦ | | |
| સ્ટાફ ગ્રેજ્યુઈટી ખર્ચ | ૮૭,૭૦૩.૦૦ | | |
| બેંક ચાર્જીસ | ૧,૩૬૬.૫૦ | | |
| કમીશન ખર્ચ | ૧,૩૭,૬૫૮.૦૦ | | |
| આંતરીક ઓડીટ ફી | ૪૧,૩૦૦.૦૦ | | |
| ઓફીસ ખર્ચ | ૨૦,૭૩૮.૦૦ | | |
| સાધારણ સભા ખર્ચ | ૧,૧૧,૦૪૦.૦૦ | | |
| બોર્ડ મીટીંગ ખર્ચ | ૧૧,૭૦૧.૦૦ | | |
| સરભરા ખર્ચ | ૩૩,૫૯૮.૦૦ | | |
| ટેલીફોન ખર્ચ | ૨,૧૬૦.૦૦ | | |
| મુસાફરી ખર્ચ | ૪,૭૨૦.૦૦ | | |
| પરચૂરણ ખર્ચ | ૫,૪૬૨.૦૦ | | |
| ઘસારા ખર્ચ | ૪૦,૪૯૭.૦૦ | | |
| ટપાલ ખર્ચ | ૧૦૫.૦૦ | | |
| સ્ટાફ પ્રો.ફંડ વહીવટી ખર્ચ | ૧૦,૨૬૧.૦૦ | | |
| સ્ટાફ પ્રો.ફંડ ફંડ વીમા ફાળો | ૩,૬૦૦.૦૦ | | |
| સરકારી ઓડીટ ફી | ૯,૦૦૦.૦૦ | | |
| નોમીનેશન ફી ખર્ચ | ૪૦૦.૦૦ | | |
| બાઈન્ડીંગ ખર્ચ | ૧૮,૫૦૦.૦૦ | | |
| પી.એફ. સોસાયટી ફાળો | ૨,૦૫,૨૨૩.૦૦ | | |
| વીમા પ્રીમીયમ ખર્ચ | ૧૨,૪૨૭.૦૦ | | |
| સભાસદ ભેટ | ૧૪,૯૯,૯૬૦.૦૦ | | |
| ચૂંટણી ખર્ચ | ૮૭,૨૭૭.૦૦ | | |
| મકાન ભાડા ખર્ચ | ૮,૬૪૦.૦૦ | | |
| વેબસાઈટ ડેવલપમેન્ટ ખર્ચ | ૪૦,૦૦૦.૦૦ | | |
| **કુલ** | **૧,૬૮,૩૦,૬૩૭.૫૦** | | |
| **ચોખ્ખો નફો** | **૭૬,૪૪,૬૮૮.૫૦** | | |
| **કુલ સરવાળો** | **૨,૪૪,૭૫,૩૨૬.૦૦** | | **૨,૪૪,૭૫,૩૨૬.૦૦** |

| | | |
|---|---|---|
| **જૈમિન જે. પટેલ** | **હિરેન એચ. રાઠોડ** | **બી.કે.ચાવડા એન્ડ કું.** |
| **પ્રમુખ** | **માનદમંત્રી** | **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્** |

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## તા.૩૧ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૨ના તુલનાત્મક આંકડા | મુડી તથા દેવા | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| | **સત્તાવાર શેર મુડી** | | |
| ૩,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૩૦,૦૦,૦૦૦ શેર દરેક રૂા. ૧૦/- નો શેર | ૩,૦૦,૦૦,૦૦૦.૦૦ | |
| | **ભરપાઇ થયેલ શેર ભંડોળ** | | |
| **૧,૨૫,૮૨,૨૨૦.૦૦** | દરેક રૂ ૧૦/- નો એક એવા ૧૩,૫૬,૬૬૦ શેર | **૧,૩૫,૬૬,૬૦૦.૦૦** | **૧,૩૫,૬૬,૬૦૦.૦૦** |
| | **અનામત** | | |
| ૩,૩૮,૫૦,૮૫૦.૫૬ | રીઝર્વ ફંડ | ૩,૪૫,૨૨,૪૯૧.૫૬ | |
| ૧૦,૦૪,૨૫૭.૮૧ | ઘસારા ફંડ | ૧૦,૩૨,૭૫૪.૮૧ | |
| ૫,૬૦,૯૯૫.૧૦ | ડિવિડન્ડ ઇક્વીલાઇઝેશન ફંડ | ૫,૭૬,૯૭૭.૧૦ | |
| ૨,૭૩,૦૯૦.૦૦ | ધર્માદા ફંડ | ૩,૩૭,૦૯૦.૦૦ | |
| ૧૫,૦૦,૯૪૮.૦૦ | સહકાર પ્રચાર ફંડ | ૧૫,૯૧,૪૯૮.૦૦ | |
| ૧૫,૯૮,૨૮૦.૪૭ | સ્ટાફ ગ્રેજ્યુઇટી ફંડ | ૧૭,૫૨,૮૫૦.૦૪ | |
| ૮૯,૪૦,૦૫૪.૭૪ | સભાસદ કલ્યાણ ફંડ | ૯૮,૨૭,૪૫૧.૭૪ | |
| ૪૦,૭૫,૦૮૬.૦૦ | ડૂબતનિધી ફંડ | ૫૦,૬૪,૦૬૦.૦૦ | |
| **૫,૧૮,૦૩,૫૬૨.૬૮** | | **૫,૪૭,૦૫,૧૭૩.૨૫** | **૫,૪૭,૦૫,૧૭૩.૨૫** |
| | **થાપણો** | | |
| ૫૩,૮૨,૦૪૦.૦૦ | થ્રિફ્ટફંડ | ૮૧,૯૧,૮૩૦.૦૦ | |
| ૩,૭૪,૬૧,૦૨૮.૦૦ | બાંધી મુદત થાપણ | ૭,૪૫,૩૫,૧૭૧.૦૦ | |
| ૪૩,૧૬,૮૦૦.૦૦ | રીકરીંગ ડીપોઝીટ | ૩૫,૪૮,૩૦૦.૦૦ | |
| ૪૮,૦૨,૬૦૦.૦૦ | સ્પે.રીકરીંગ ડીપોઝીટ | ૫૬,૯૯,૧૦૦.૦૦ | |
| ૨,૩૫,૬૨,૩૦૭.૦૦ | બચત ખાતુ | ૧,૭૩,૧૦,૦૭૮.૦૦ | |
| ૫,૭૪,૫૯,૨૦૮.૦૦ | સ્પેશ્યલ બચત ખાતુ | ૫,૦૯,૮૬,૯૩૫.૦૦ | |
| **૧૩,૨૯,૮૩,૯૮૩.૦૦** | | **૧૬,૦૨,૭૧,૪૧૪.૦૦** | **૧૬,૦૨,૭૧,૪૧૪.૦૦** |
| **૧૯,૭૩,૬૯,૭૬૫.૬૮** | **સરવાળો આગળ લઇ ગયા** | | **૨૨,૮૫,૪૩,૧૮૭.૨૫** |

## તા.૩૧ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૨ના તુલનાત્મક આંકડા | મિલકત તથા લેણાં | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| | **રોકડ તથા બેંકમાં સિલક** | | |
| ૩૪,૨૨૨.૦૦ | હાથ પર સિલક | ૮૦,૩૧૧.૦૦ | |
| | **બેંક ખાતાં** | | |
| ૧,૯૬૬.૫૧ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા ચાલુ ખાતુ | ૧૪,૩૨૦.૦૧ | |
| ૧૭,૪૩૧.૦૦ | અમ.ડી. કો-ઓપ. બેંક ચાલુ ખાતુ | ૨૨,૭૯૯.૦૦ | |
| ૧૭,૩૪૩.૦૦ | અમ.ડી. કો-ઓપ. બેંક બચત ખાતું | ૧૭,૮૪૬.૦૦ | |
| ૧૫,૯૮,૨૮૦.૪૭ | જીવન વિમા નિગમ ગ્રેજ્યુઇટી ફંડ | ૧૭,૫૨,૮૫૦.૦૪ | |
| **૧૬,૬૯,૨૪૨.૯૮** | | **૧૮,૮૮,૧૨૬.૦૫** | **૧૮,૮૮,૧૨૬.૦૫** |
| | **ધિરાણ** | | |
| ૪૫,૨૫૦.૦૦ | આકસ્મિક ધિરાણ | ૩૧,૨૫૦.૦૦ | |
| ૨૫,૧૫,૬૫૦.૦૦ | ખાસ ધિરાણ | ૨૦,૯૯,૫૫૦.૦૦ | |
| ૨૧,૮૨,૫૦,૯૦૦.૦૦ | રેગ્યુલર ધિરાણ | ૨૫,૯૩,૪૬,૭૫૦.૦૦ | |
| **૨૨,૦૮,૧૧,૮૦૦.૦૦** | | **૨૬,૧૪,૭૭,૫૫૦.૦૦** | **૨૬,૧૪,૭૭,૫૫૦.૦૦** |
| | **રોકાણો** | | |
| ૧૦,૦૦,૦૦૦.૦૦ | અમ.ડી. કો-ઓપ. બેંક લી. ના રૂા. ૧૦૦ નો એક એવા ૧૦,૦૦૦ શેર | ૧૦,૦૦,૦૦૦.૦૦ | |
| ૨,૫૦૦.૦૦ | ગાંધીનગર ડી. કો-ઓપ. બેંક લી. (સૂચિત) ના રૂા. ૫૦ નો એક એવા ૫૦ શેર | ૨,૫૦૦.૦૦ | |
| **૧૦,૦૨,૫૦૦.૦૦** | | **૧૦,૦૨,૫૦૦.૦૦** | **૧૦,૦૨,૫૦૦.૦૦** |
| **૨૨,૩૪,૮૩,૫૪૨.૯૮** | **સરવાળો આગળ લઇ ગયા** | | **૨૬,૪૩,૬૮,૧૭૬.૦૫** |

## તા.૩૧ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૧ના તુલનાત્મક આંકડા | મુડી તથા દેવા | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **૧૯,૭૩,૬૯,૭૬૫.૬૮** | **સરવાળો આગળ લાવ્યા** | | **૨૨,૮૫,૪૩,૧૮૭.૨૫** |
| | **<u>અન્ય જવાબદારીઓ</u>** | | |
| ૫,૦૦,૩૭૭.૦૦ | થ્રિફ્ટફંડ વ્યાજ ચુકવણી બાકી ૨૦૨૧-૨૨ | -- | |
| -- | થ્રિફ્ટફંડ વ્યાજ ચુકવણી બાકી ૨૦૨૨-૨૩ | ૫,૪૫,૩૯૫.૦૦ | |
| ૧૧,૩૪,૩૯૫.૦૦ | થાપણ વ્યાજ ચુકવણી બાકી | ૨૬,૨૫,૧૧૮.૦૦ | |
| ૨,૧૪,૪૬૪.૦૦ | રીકરીંગ વ્યાજ ચુકવણી બાકી | ૧,૬૯,૪૬૦.૦૦ | |
| ૨,૨૬,૮૭૯.૦૦ | સ્પે.રીકરીંગ વ્યાજ ચુકવણી બાકી | ૧,૯૩,૫૬૦.૦૦ | |
| ૩૯,૫૩૦.૦૦ | ઓડીટ ફી ચુકવણી બાકી | ૪૧,૩૦૦.૦૦ | |
| ૧૨,૫૦૦.૦૦ | બોનસ | ૧૦,૦૦૦.૦૦ | |
| ૩,૪૩,૦૮૦.૦૦ | ચુકવવા બાકી રજા પગાર ખર્ચ | ૪,૩૦,૦૦૦.૦૦ | |
| ૨,૦૩,૩૬,૧૫૦.૭૮ | અમ.ડી.કો. બેંક. સી.સી. ખાતુ | ૨,૭૫,૭૪,૨૭૮.૭૮ | |
| -- | પ્રો. ફંડ કમીશ્નર | ૩૬,૨૫૭.૦૦ | |
| **૨,૨૮,૦૭,૩૭૫.૭૮** | | **૩,૧૬,૨૫,૩૬૮.૭૮** | **૩,૧૬,૨૫,૩૬૮.૭૮** |
| **૬૫,૯૩,૧૬૦.૦૦** | **ચાલુ સાલનો નફો** | - | **૭૬,૪૪,૬૮૮.૫૦** |
| **૨૨,૬૭,૭૦,૩૦૧.૪૬** | **કુલ સરવાળો** | - | **૨૬,૭૮,૧૩,૨૪૪.૫૩** |

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## તા.૩૧ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૨ના તુલનાત્મક આંકડા | મિલકત તથા લેણાં | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **૨૨,૩૪,૮૩,૫૪૨.૯૮** | **સરવાળો આગળ લાવ્યા** | | **૨૬,૪૩,૬૮,૧૭૬.૦૫** |
| | **ડેડ સ્ટોક** | | |
| ૪,૪૦૪.૦૦ | ડેડ સ્ટોક | ૪,૪૦૪.૦૦ | |
| ૪,૦૮,૭૯૭.૦૦ | કોમ્પ્યુટર અને પ્રિન્ટર્સ | ૩,૯૬,૭૯૭.૦૦ | |
| ૭,૩૨,૩૩૬.૪૮ | ફર્નિચર અને ફિક્ચર્સ | ૭,૩૨,૩૩૬.૪૮ | |
| **૧૧,૪૫,૫૩૭.૪૮** | | **૧૧,૩૩,૫૩૭.૪૮** | **૧૧,૩૩,૫૩૭.૪૮** |
| | **ચાલુ મિલકતો** | | |
| ૮૪,૩૩૪.૦૦ | સ્ટેશનરી સ્ટોક | ૮૭,૭૦૩.૦૦ | |
| ૪૪,૨૦૦.૦૦ | સ્ટેમ્પ સ્ટોક | ૨૪,૦૫૦.૦૦ | |
| ૧૯,૬૫,૦૦૭.૦૦ | ધિરાણ પર મળવાપાત્ર વ્યાજ | ૨૧,૫૨,૦૯૮.૦૦ | |
| ૪૩,૮૪૦,.૦૦ | ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ | ૪૩,૮૪૦.૦૦ | |
| ૩,૮૪૦.૦૦ | ઘરભાડા ડીપોઝીટ | ૩,૮૪૦.૦૦ | |
| **૨૧,૪૧,૨૨૧.૦૦** | | **૨૩,૧૧,૫૩૧.૦૦** | **૨૩,૧૧,૫૩૧.૦૦** |
| **૨૨,૬૭,૭૦,૩૦૧.૪૬** | | | **૨૬,૭૮,૧૩,૨૪૪.૫૩** |

અમારા આજ તારીખના અહેવાલને આધિન

તારીખ :૩૦-૦૪-૨૦૨૩ — બી.કે. ચાવડા એન્ડ કું.

સ્થળ : ગાંધીનગર — ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ વતી,

જૈમિન જે. પટેલ — હિરેન એચ. રાઠોડ

પ્રમુખ — માનદમંત્રી

# આંતરિક અન્વેષણનો અહેવાલ

અમોએ ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ના તા.૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થતાં વર્ષના હિસાબો તપાસ્યા છે અને આ સાથે સામેલ હિસાબી અહેવાલને આધિન અમે નીચે મુજબ અહેવાલ રજૂ કરીએ છીએ.

(૧) અમારી જાણ અને માનવા મુજબ સદર સોસાયટીએ ધી ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ અને રૂલ્સ મુજબ રાખવાના ચોપડા રાખેલ છે.

(૨) અમારા મત પ્રમાણે અને અમોને આપેલ માહિતી અને ખુલાસા મુજબ તથા અમોએ આ સાથે આપેલ અલગ હિસાબી અહેવાલને આધીન

(અ) સોસાયટીનું સરવૈયું તા.૩૧ માર્ચ ૨૦૨૩ ની તેની સાચી પરિસ્થિતિની

તથા

(બ) નફા-નુકશાન ખાતું તા.૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થતાં વર્ષનો સાચો અને વાજબી નફો દર્શાવે છે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૩૦-૦૪-૨૦૨૩**

**બી.કે. ચાવડા એન્ડ કું.**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્**

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના વ્યવસ્થાપક સમિતિના સભ્યોની હાજરી

| અ.નં. | નામ | હોદ્દો | કુલ મિટીંગ | હાજર | ગેરહાજર |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જૈમિન જે. પટેલ | પ્રમુખ | ૧૫ | ૧૪ | ૧ |
| ૨ | શ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ | ઉપપ્રમુખ | ૧૫ | ૧૫ | ૦ |
| ૩ | શ્રી હિરેન એચ. રાઠોડ | માનદમંત્રી | ૧૫ | ૧૪ | ૧ |
| ૪ | સુશ્રી સમીક્ષા એચ. કમાણી | સહમંત્રી | ૧૫ | ૧૨ | ૩ |
| ૫ | શ્રી સાર્થક એસ. ડામોર | ચેરમેન લોન સમિતિ | ૧૫ | ૧૨ | ૩ |
| ૬ | શ્રી તારક જે. પટેલ | ચેરમેન ખરીદ સમિતિ | ૧૫ | ૧૪ | ૧ |
| ૭ | શ્રી વિશાલ કે. સોલંકી | ચેરમેન આઇ.ટી. સમિતિ | ૧૫ | ૧૫ | ૦ |
| ૮ | શ્રી રૂદ્રદત્તસિંહ બી. વાઘેલા | ડીરેક્ટર | ૧૫ | ૧૨ | ૩ |
| ૯ | શ્રી કીર્તિ એલ. પટેલ | ડીરેક્ટર | ૧૫ | ૧૨ | ૩ |
| ૧૦ | શ્રી મહેશ ટી. સોંદરવા | ડીરેક્ટર | ૧૫ | ૧૨ | ૩ |
| ૧૧ | શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ * | ડીરેક્ટર | ૧૨ | ૧૦ | ૨ |
| ૧૨ | શ્રી જસ્મીનકુમાર પી કાવઠિયા * | ડીરેક્ટર | ૧૨ | ૧૧ | ૧ |
| ૧૩ | શ્રી આનંદ બી. શ્રીમાળી * | ડીરેક્ટર | ૧૨ | ૯ | ૩ |
| ૧૪ | શ્રી મૃણાલ ડી. છાયા * | ડીરેક્ટર | ૧૨ | ૧૦ | ૨ |
| ૧૫ | સુશ્રી માનસી ડી. ખોખાણી * | ડીરેક્ટર | ૧૨ | ૯ | ૩ |
| ૧૬ | શ્રી હિરેન આર. પટેલ # | ડીરેક્ટર | ૪ | ૪ | ૦ |
| ૧૭ | શ્રી હર્ષદસિંહ જે. વાઘેલા # | ડીરેક્ટર | ૪ | ૪ | ૦ |
| ૧૮ | શ્રી જીતેન્દ્ર જે. સોની # | ડીરેક્ટર | ૪ | ૩ | ૧ |
| ૧૯ | શ્રી જયેશકુમાર એ. રાવલ # | ડીરેક્ટર | ૪ | ૪ | ૦ |
| ૨૦ | શ્રી મુકેશ જી. મોલાડીયા # | ડીરેક્ટર | ૪ | ૪ | ૦ |

નોંધ (૧) *નિશાની દર્શાવેલ ડીરેક્ટર્સ બોર્ડમાં ચુંટાયા બાદ અહેવાલના વર્ષ દરમ્યાન ૧૨ બેઠક મળી હતી.
# નિશાની દર્શાવેલ ડીરેક્ટર્સ જુન ૨૦૨૨ થી નિવૃત્ત થયેલ છે.

(૨) ઉપર દર્શાવેલ સને ૨૦૨૨-૨૦૨૩ ના વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓ પૈકી કોઇપણ સભ્ય પેટા નિયમ ૩૪ (અ) (૩) ની જોગવાઇ અનુસાર વ્યવસ્થાપક મંડળના સભ્યપદેથી રદ થવા પાત્ર નથી.

# ધિરાણના નિયમો

(૧) જે કર્મચારી મિત્રોનું સોસાયટીનું સભ્યપદ મંજુર થયેલ હોય તેવા સભાસદ મિત્રો જ ધિરાણ મેળવવા અરજી કરી શકશે. નવુ સભ્યપદ મેળવનાર સભાસદ ધિરાણ મેળવવા, સભ્યપદ મળ્યા બાદ ૬ માસ પછી જ અરજી કરી શકશે.

(૨) ધિરાણની મહત્તમ રકમની મર્યાદા વ્યવસ્થાપક મંડળ વખતો વખત નક્કી કરે તે મુજબની રહેશે. સભાસદે ધારણ કરેલ શેરની કિંમતથી ચાલીસ ગણી રકમની મર્યાદામાં ધિરાણ મંજુર કરવામાં આવશે. તા.૦૧-૦૬-૨૦૧૮ થી ધિરાણની મહત્તમ મર્યાદા રૂા. ૭,૦૦,૦૦૦-૦૦ કરેલ છે. જે નક્કી કરેલ રકમ તથા વ્યાજ સહીત વધુમાં વધુ કુલ ૯૬ માસિક હપ્તામાં વસુલ કરવામાં આવશે. પરંતુ સભાસદ ઈચ્છે તો પ્રત્યેક માસના જે તે માસની નાણાંકીય અનુકૂળતાને લક્ષમાં લઈને વધારાની વસુલાત તરીકે ન્યુનતમ રૂા. ૫૦૦ ત્યારબાદ રૂા. ૧૦૦ ના ગુણાંકમાં ઈચ્છે તેટલી રકમ જમા કરાવી શકશે.

(૩) જો કરજદાર તથા તેના બે જામીનની નિવૃત્તિની તારીખ ૯૬ માસ પહેલાં આવતી હોય તેવા સંજોગોમાં હપ્તાની સંખ્યા કરજદાર તથા બન્ને જામીનો માથી જેની નિવૃત્તિ તારીખ પ્રથમ આવતી હશે તેટલા માસના સરખા હપ્તામાં રાખવાની રહેશે.

(૪) ધિરાણ મેળવવા માટે નિયત કરજપત્રમાં સંપૂર્ણ ભરાયેલ અરજીઓ સોસાયટીના કાર્યાલયમાં વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે. કરજપત્રમાં કોઈપણ જગ્યાએ સુધારા-વધારા કે છેક-છાક થયેલ હોય ત્યાં અરજદારે ટુંકી સહી અચુક કરવાની રહેશે. પરંતુ જો પગારચીઠ્ઠીની વિગતોમાં છેક-છાક હશે તો પ્રમાણિત પે-સ્લીપની નકલ અચુક જોડવાની રહેશે. દરેક અરજીને અગ્રતાક્રમ આપવામાં આવશે. જે અંગેની જાણ અરજદારને અરજી આપવાના સમયે કરવામાં આવશે.

(૫) અરજદારે કરજપત્રમાં સોસાયટીના બે સભાસદ મિત્રોના જામીન આપવાના રહેશે. કોઈપણ સભાસદ વધુમાં વધુ ત્રણ કરજદારોના જામીન થઈ શકશે.

(૬) અરજદાર અને જામીનદારોના પગારમાંથી ધિરાણના હપ્તાની વસુલાતની બાંહેધરી સંબંધિત વિભાગના રોકડ શાખાના સેકશન અધિકારીશ્રી અથવા ઉપસચિવશ્રીએ આપવાની રહેશે. વિભાગના કેશીયર કે કેશ ઈન્ચાર્જની બાંહેધરી માન્ય ગણાશે નહી તથા અરજદાર અને જામીનોનો ચોખ્ખો મળવાપાત્ર પગાર સંસ્થાની તમામ કપાત થયા બાદ રૂા. ૧૦,૦૦૦/ થી ઓછો હોય તેવા સંજોગોમાં લોન મંજૂર કરવામાં આવશે નહી.

(૭) મૂળ કરજપત્રમાં દર્શાવેલ જામીનદારો બદલવાના થાય તેવા સંજોગોમાં જામીન બદલવાનું અલગ ફોર્મ કાર્યાલયમાંથી મેળવીને રજુ કરવાનું રહેશે.

(૮) ધિરાણ લેતી વખતે શિડ્યુલ બેંકના જીવંત ખાતાના પાંચ એકાઉન્ટ પેઇ ચેક તથા રૂા.૫૦ ના સ્ટેમ્પ પેપર ઉપર કબુલાતનામું આપવું ફરજીયાત રહેશે. તથા ખાસ/ મોટી લોન માટે રૂા.૬૦૦ ની પ્રોમીસરી નોટ આપવાની રહેશે.

(૯) સોસાયટીમાં આવેલ લોન અરજીઓની મંજુરી માટે લોન સમિતિની બેઠક સામાન્ય રીતે દર માસની ૩ અને ૧૮ તારીખના રોજ મળશે. મંજુર થયેલ લોન અંગેની યાદી ત્યારપછીના દિવસે સોસાયટીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

(૧૦) મંજુર થયેલ લોન જે તે સભાસદે નિયતસમય મર્યાદામાં એટલે કે મંજુર થાય ત્યારબાદ પંદર દિવસના સમયગાળામાં મેળવી લેવાની રહેશે. નિયત સમય મર્યાદામાં નાણાં નહી ઉપાડી લેવામાં આવેતો લોનની અરજી આપોઆપ રદ ગણાશે. ત્યારબાદ નવી ધિરાણ અરજી કરવાની રહેશે.

(૧૧) ધિરાણ ઉપર વ્યાજનો દર વ્યવસ્થાપક સમિતિ વખતો વખત નક્કી કરે તે મુજબનો રહેશે. પ્રવર્તમાન વ્યાજનો દર ૯.૯૦% છે.

(૧૨) ધિરાણની રકમ અને વ્યાજની વસુલાત જે તે સભાસદના દરમાસના પગારમાંથી બારોબાર વસુલ કરવામાં આવશે. સભાસદના ધિરાણની રકમ અને વ્યાજની વસુલાત નિયમિત રીતે નહી આવે તેવા સંજોગોમાં તેની વસુલાત જામીનદારોના પગારમાંથી કરવામાં આવશે.

(૧૩) લોનની કપાતના સળંગ ત્રણ હપ્તા ભરવામાં કસુર કરનાર સભાસદ પાસેથી સોસાયટીના પેટાનિયમ-૪૩ (૧) ની જોગવાઈ અનુસાર ૪% લેખે દંડનીય વ્યાજ વસુલ કરવામાં આવશે.

(૧૪) અરજદારે લીધેલ લોનમાં કે આકસ્મિક ધિરાણમાં કે ખાસધિરાણ પૈકી કોઈપણ એક કે તમામ લોનમાં સળંગ ત્રણ હપ્તા ભરશે નહી અને ડીફોલ્ટર (મુદતવિતિ બાકીદાર) થશે તો તમામ લોન સંપૂર્ણ ભરપાઈ થઈ જાય ત્યારબાદ છ માસના સમયગાળા પછી ધિરાણ, આકસ્મિક ધિરાણ કે ખાસ ધિરાણ માટે અરજી કરી શકશે. પરંતુ દરેક લોનની અરજી વખતે અરજીપત્રક સાથે ''અરજદાર અગાઉ ડીફોલ્ટર છે. જે અમારી જાણમાં છે'' તે મતલબનું નિયત બાંહેધરીપત્રક બન્ને જામીનદાર પાસેથી મેળવી રજુ કરવાનું રહેશે. ત્યારબાદ બોર્ડ ઓફ ડીરકટર્સને ધિરાણ મંજુર કરવાનો હકક રહેશે. તેમજ નાણાંકીય વર્ષ દરમ્યાન એક કરતાં વધુ વખત ડિફોલ્ટર થનાર સભાસદનું નામ સાધારણ સભામાં જાહેર કરવામાં આવશે.

(૧૫) નિયમિત રીતે થ્રિફ્ટફંડની રકમ ભરપાઇ નહી કરનાર સભાસદ પેટાનિયમ ૫૬ (૪) ની જોગવાઈ અનુસાર થ્રિફ્ટફંડમાં ડીફોલ્ટર ગણાશે અને વિલંબીત ચાર્જ રૂા.૧૦૦ પર રૂા. ૫ લેખે વસુલ કરવામાં આવશે જે સભાસદ થ્રિફ્ટફંડની તમામ ચડત રકમ એકીસાથે ભરપાઈ કરે ત્યારબાદ એક માસના સમયગાળા પછી ધિરાણ માટે અરજી કરી શકશે.

(૧૬) જે સભાસદ કોઈપણ પ્રકારની લીધેલ લોનમાં નાણાંકીય વર્ષ દરમ્યાન ડિફોલ્ટર થયેલ હશે તો તે સભાસદને તે વર્ષનું તમામ લોન પરનું વ્યાજ વળતર ચુકવવામાં આવશે નહી. તેમજ ડિફોલ્ટર સભાસદ વ્યવસ્થાપક મંડળની ચુંટણી લડી શકશે નહી કે કોઈ ઉમેદવારને ટેકો કે દરખાસ્ત કરી શકશે નહી.

(૧૭) ધિરાણની રકમ જે તે માસની ૧૫ તારીખે કે તે પહેલા ઉપાડવામાં આવે તો આખા માસનું અને ૧૬મી તારીખે કે ત્યારબાદ ઉપાડવામાં આવેતો, ૧૫ દિવસનું વ્યાજ વસુલ કરવામાં આવશે અને રેગ્યુલર હપ્તા સિવાય વધારાની જે રકમ ૧૧ થી ૧૫ તારીખમાં ભરપાઈ કરે તો ભરેલ રકમનું અડધા માસનું વ્યાજ વસુલ કરવામાં આવશે.

(૧૮) સોસાયટીના સભાસદના પતિ/પત્નિ, બાળકો, ભાઈ, બહેન, માતા કે પિતાના અવસાનના કિસ્સામાં સર્ટીફીકેટ રજુ કર્યેથી રૂા. ૭,૦૦,૦૦૦.૦૦ ની મર્યાદામાં લોન ખાસકિસ્સા તરીકે તરતજ આપવામાં આવશે આ ખાસકિસ્સાની લોનની સવલત સહિત કુલ ધિરાણની મર્યાદા રૂા. ૭,૦૦,૦૦૦.૦૦ રહેશે.

(૧૯) સોસાયટીના સભાસદ તેમજ સભાસદના પતિ/પત્નિ, બાળકો, ભાઈ, બહેન, માતા કે પિતાને માંદગી દરમ્યાન અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હશે તેવા પ્રસંગે અથવા નર્સિંગ હોમ છોડયા પછીના પંદર દિવસની અંદર જે નર્સિંગ હોમમાં દાખલ કરેલ હોય તેના ડોકટર તરફથી મળેલ માંદગીને કારણે 'અંદરના દર્દી' તરીકે દાખલ કર્યા અંગેનું પ્રમાણપત્ર સોસાયટીમાં રજૂ કરવાથી જે તે દિવસે જ રૂા. ૭,૦૦,૦૦૦.૦૦ ની મહત્તમ મર્યાદામાં લોન ખાસકિસ્સા તરીકે આપવામાં આવશે. ટીબી, કેન્સરના રોગના કિસ્સામાં અંદરના દર્દી તરીકે દાખલ થયા ન હોય તો પણ સરકારી દવાખાનાઓના તબીબી અધિકારીના પ્રમાણપત્રના આધારે ખાસકિસ્સા તરીકેની લોન મંજુર કરવામાં આવશે. પરંતુ કોઈપણ સભાસદ આ કારણસર એક નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ બે વખત ખાસકિસ્સાની લોન લઈ શકશે.

(૨૦) જે સભાસદે અગાઉ લીધેલ કરજને છ માસનો સમયગાળો વ્યતિત થયેલ હશે તોજ નવા કરજની અરજી સ્વીકારવામાં આવશે.

(૨૧) સભાસદોને આકસ્મિક ધિરાણ તરીકે રૂા.૫,૦૦૦-૦૦ ની મર્યાદામાં એક નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ ચાર વખત આકસ્મિક ધિરાણ આપવામાં આવશે. જે માટે સભાસદે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. જો સભાસદના નામે આકસ્મિક ધિરાણ ચાલુ હશે અને ૫૦% રકમ ભરપાઈ થયેલ હશે તોજ બીજુ આકસ્મિક ધિરાણ મંજુર થશે. આકસ્મિક ધિરાણ પર અન્ય ધિરાણની જેમ ૯.૯૦% લેખે વ્યાજની વસુલાત કરવામાં આવશે. આકસ્મિક ધિરાણ માટે એક જામીન આપવાના રહેશે.

(૨૨) સભાસદોને પેટાનિયમની જોગવાઈને આધિન ખાસધિરાણ તરીકે રૂા. ૫૦,૦૦૦.૦૦ ની મર્યાદામાં એક નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ એક વખત ધિરાણ આપવામાં આવશે. ખાસધિરાણ માટે એક જામીન આપવાના રહેશે. અને ખાસધિરાણની કુલ રકમના ૨.૫% જેટલા શેર ધારણ કરવાના રહેશે. પ્રવર્તમાન વ્યાજનો દર ૯.૯૦% રહેશે.

(૨૩) મુખ્ય ધિરાણ રૂા. ૭,૦૦,૦૦૦.૦૦ લીધુ હશે તો તે ઘટીને રૂા. ૬,૫૦,૦૦૦.૦૦ અને લોન મેળવ્યાને છ માસનો સમયગાળો થયો હશે તોજ ખાસ ધિરાણ મળવાપાત્ર થશે.

(૨૪) જે સભાસદની પોતાના મૂળ વિભાગમાંથી અન્ય વિભાગ કે કચેરીમાં બદલી થાય,પ્રતિનિયુકિત પર જાય,રાજીનામું આપે અથવા સચિવાલય બહાર જાય ત્યારે તેમણે તે અંગેની લેખિત જાણ સોસાયટીના કાર્યાલયમાં કરવાની રહેશે. જો આ પ્રકારની જાણ કરવામાં નહી આવે તો તે સભાસદને પેટા નિયમ હેઠળના નિવૃત્તિ ફંડ કે મૃત્યુ ફંડ સહિતના કોઈ લાભ કે હક્ક મળશે નહી તેમજ તે સભાસદ ડીફોલ્ટર જાહેર થશે તો તેની તમામ જવાબદારી સભાસદની અંગત રહેશે.

**સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ આધારે સીધી ભરતીથી કરારીય ધોરણે નિમણૂંક પામેલ કર્મચારી ઓને ધિરાણ આપવાના નિયમો.**

૧. રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ ની મહત્તમ મર્યાદામાં ધીરાણ આપી શકાશે.

૨. રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ ની મહત્તમ મર્યાદામાં મુખ્ય ધીરાણ રૂા.૪,૫૦,૦૦૦.૦૦ ખાસ ધીરાણ રૂા ૪૫,૦૦૦.૦૦ તથા આકસ્મીક ધીરાણ રૂા. ૫૦૦૦.૦૦ મળવાપાત્ર રહેશે.

૩. રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ ના ધીરાણની વસુલાત મહત્તમ ૯૬ (છન્નું) એક સરખા માસિક હપ્તામાં કરવામાં આવશે.

૪. ઉપરોક્ત સભાસદો એક સભ્યમાં વધુમાં વધુ રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ સુંધીના ધીરાણમાં જ જામીન થઈ શકશે.

૫. ઉપરોક્ત સભાસદો મુખ્ય ધીરાણમાં વધુમાં વધુ બે સભાસદોમાં જ જામીન થઈ શકશે.

૬. રૂા. ૫૦,૦૦૦.૦૦ સુંધીના ખાસ ધીરાણ માટે છ માસની સમયમર્યાદાનો બાધ નડશે નહી.

૭. ધીરાણ અંગેના અન્ય નિયમો યથાવત રહેશે.

## સ્પે. રીકરીંગ થાપણ યોજના

૧. કોઈપણ સભાસદ ન્યુનતમ રૂા. ૧૦૦/- અને ત્યારબાદ રૂા. ૫૦/- ના ગુણાંકમાં મહત્તમ ગમે તેટલી રકમનું રીકરીંગ ખાતુ ખોલાવી શકશે. જેની પગારમાંથી બારોબાર કપાત કરવામાં આવશે. સભાસદ દીઠ એક જ ખાતુ ખોલાવી શકાશે.

૨. કોઈપણ માસની તા.૧ થી ૧૦ દરમ્યાન સ્પે. રીકરીંગ ખાતુ ખોલાવી શકાશે. જે મહત્તમ ૧૨ માસની મુદત સુધી જ ચાલુ રહેશે. ત્યારબાદ ફરી તેટલી જ રકમનું રીકરીંગ ખાતું આપ મેળે ચાલુ રહેશે. અલબત્ત જે સભાસદ ખાતુ બંધ કરવા ઈચ્છે તે પાકતી મુદત પછી બંધ કરાવી શકશે તેમજ જે સભાસદ સ્પે. રીકરીંગના હપ્તાની રકમમાં વધારો કે ઘટાડો કરવા ઈચ્છે તો પણ પાકતી મુદતે સોસાયટીમાં રૂબરૂ સંપર્ક કરી તે પ્રમાણે હપ્તાની રકમ વધ-ઘટ કરાવી શકશે.

૩. સભાસદની બિનપગારી રજાઓ, બદલી કે અન્ય કોઈપણ કારણસર હપ્તાની રકમ પગારમાંથી કપાત થઈ શકે નહી તો સભાસદે ૧૦ તારીખ સુધીમાં રૂબરૂ હપ્તો ભરી જવાનો રહેશે અને તે અંગેની સઘળી જવાબદારી સભાસદની રહેશે તેમજ વિભાગમાંથી બદલી થયા અંગેની લેખીત જાણ સભાસદે કરવાની રહેશે.

૪. સ્પે. રીકરીંગ થાપણ યોજનામાં પ્રવર્તમાન દરે એટલે કે ૭% ના દરે વ્યાજ આપવામાં આવશે જ્યારે દંડનીય વ્યાજ અને અન્ય નિયમો સામાન્ય રીકરીંગ જેવા જ રહેશે. અલબત્ત, વ્યવસ્થાપક મંડળ તેમાં વખતોવખત ફેરફાર કરવા હક્કદાર રહેશે.

૫. સ્પે.રીકરીંગ થાપણની એન્ટ્રી ધિરાણ પાસબુકમાં જ પ્રિન્ટ કરી આપવામાં આવશે.

૬. પાકતી તારીખે સ્પે.રીકરીંગ થાપણની રકમ સભાસદના સ્પે.બચત ખાતામાં આપમેળે ટ્રાન્સફર કરી આપવામાં આવશે. પાકતી મુદત પહેલાના કિસ્સામાં કે અસામાન્ય સંજોગોમાં વાઉચર દ્વારા રોકડેથી કે ચેકથી રકમ ચુકવવામાં આવશે.

૭. સ્પે. રીકરીંગ થાપણ ખાતાની સ્કીમ ચાલુ રાખવા કે બંધ કરવા કે તેના ઉક્ત નિયમોમાં સુધારા-વધારા ઉમેરવા કે રદ કરવાની તમામ આખરી સત્તા વ્યવસ્થાપક મંડળને હસ્તક રહેશે. જે સર્વે સભાસદોને લાગુ પડશે.

**સોસાયટીના નાણાંકીય કામકાજનો સમય**

**સોમવાર થી શનિવાર : સવારના ૧૦-૩૦ થી ૩-૦૦ કલાક**

**(બીજા અને ચોથા શનિવારે રજા રહેશે)**

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## આ છે આપણી પ્રગતિની આગેકૂચ

| વર્ષ | સભાસદ | થ્રિફ્ટ ફંડ | શેર ફાળો | રીઝર્વ ફંડ | રીકરીંગ | બચત |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૬-૨૦૦૭ | ૨૭૦૧ | ૧,૬૪,૫૧,૮૫૦ | ૨,૩૧,૯૩,૬૨૦ | ૧,૪૭,૫૮,૫૯૮.૯૧ | ૯૯,૬૯,૨૪૦ | ૨,૫૯,૬૯,૩૦૨.૮૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૨૬૪૭ | ૧,૯૨,૧૯,૬૪૦ | ૨,૩૩,૯૮,૦૯૦ | ૧,૫૯,૪૭,૭૮૬.૪૧ | ૯૯,૮૨,૬૪૦ | ૨,૬૦,૮૫,૧૯૬.૮૦ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૨૫૮૧ | ૨,૧૭,૪૬,૫૩૦ | ૨,૩૯,૦૩,૧૯૦ | ૧,૭૩,૮૮,૬૮૩.૪૧ | ૯૧,૦૬,૦૪૦ | ૩,૫૨,૮૮,૨૬૨.૮૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૨૫૨૦ | ૨,૪૧,૪૭,૯૧૦ | ૨,૫૦,૭૦,૪૮૦ | ૧,૯૧,૮૫,૬૨૬.૪૧ | ૧,૨૫,૦૦,૨૪૦ | ૪,૬૯,૪૧,૫૩૯.૮૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૨૪૧૩ | ૨,૪૪,૦૩,૩૨૦ | ૨,૫૫,૬૭,૦૪૦ | ૨,૦૩,૭૧,૪૮૯.૪૧ | ૧,૫૫,૨૭,૪૯૦ | ૫,૭૫,૫૯,૫૩૬.૮૦ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૨૨૮૫ | ૨,૩૨,૪૯,૬૬૦ | ૨,૪૫,૪૧,૨૨૦ | ૨,૨૦,૨૩,૦૯૯.૪૧ | ૧,૬૬,૮૦,૧૫૦ | ૫,૩૭,૯૩,૩૮૦.૮૦ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૨૧૩૧ | ૨,૧૭,૨૭,૧૧૦ | ૨,૩૧,૪૪,૨૪૦ | ૨,૩૮,૪૧,૦૭૪.૪૧ | ૧,૭૪,૬૦,૭૪૦ | ૫,૪૮,૨૫,૬૬૧.૮૦ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૧૯૮૪ | ૧,૯૭,૬૯,૭૬૦ | ૨,૧૪,૨૩,૧૦૦ | ૨,૫૬,૨૨,૯૧૪.૪૧ | ૧,૮૧,૭૧,૯૪૦ | ૮,૧૭,૫૨,૦૭૭.૮૦ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૧૭૫૮ | ૧,૭૪,૩૮,૪૦૦ | ૧,૯૪,૮૯,૨૫૦ | ૨,૭૫,૩૨,૬૪૩.૪૧ | ૧,૭૫,૩૩,૯૦૦ | ૯,૩૮,૩૭,૯૨૪.૮૦ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૧૫૪૫ | ૧,૪૯,૮૯,૬૨૦ | ૧,૭૨,૫૨,૩૭૦ | ૨,૯૪,૧૯,૯૪૮.૪૧ | ૧,૮૨,૬૧,૭૫૦ | ૧૦,૦૫,૫૮,૫૪૮.૮૦ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૧૪૮૧ | ૧,૨૫,૮૦,૮૪૦ | ૧,૫૧,૯૭,૧૬૦ | ૩,૦૭,૫૯,૫૦૭.૪૧ | ૧,૭૧,૩૩,૬૫૦ | ૧૦,૪૪,૮૦,૯૭૮.૮૦ |
| ૨૦૧૭-૨૦૧૮ | ૧૪૬૨ | ૧,૦૩,૩૪,૭૮૦ | ૧,૩૪,૯૩,૯૧૦ | ૩,૧૨,૮૭,૭૯૨.૪૧ | ૧,૬૯,૮૪,૩૦૦ | ૧૦,૧૪,૫૫,૪૪૮.૧૫ |
| ૨૦૧૮-૨૦૧૯ | ૧૭૯૫ | ૮૩,૪૦,૮૧૦ | ૧,૨૮,૫૫,૬૦૦ | ૩,૨૦,૦૫,૬૮૩.૪૧ | ૧,૩૮,૯૯,૨૦૦ | ૧૦,૪૬,૦૮,૩૨૬.૧૫ |
| ૨૦૧૯-૨૦૨૦ | ૧૮૧૭ | ૬૬,૮૫,૭૮૦ | ૧,૨૫,૨૬,૭૨૦ | ૩,૨૬,૪૪,૮૮૯.૫૬ | ૧,૨૦,૧૧,૮૫૦ | ૯,૦૨,૦૩,૬૫૬.૦૦ |
| ૨૦૨૦-૨૦૨૧ | ૧૮૮૦ | ૫૫,૧૫,૬૬૦ | ૧,૨૩,૪૫,૩૬૦ | ૩,૩૨,૯૨,૩૨૯.૫૬ | ૧,૧૨,૪૨,૪૫૦ | ૮,૧૨,૦૭,૨૪૩.૦૦ |
| ૨૦૨૧-૨૦૨૨ | ૧૭૯૩ | ૫૩,૮૨,૦૪૦ | ૧,૨૫,૮૨,૨૨૦ | ૩,૩૮,૫૦,૮૫૦.૫૬ | ૯૧,૧૯,૪૦૦ | ૮,૧૦,૨૧,૫૧૫.૦૦ |
| ૨૦૨૨-૨૦૨૩ | ૧૯૯૭ | ૮૧,૯૧,૮૩૦ | ૧,૩૫,૬૬,૬૦૦ | ૩,૪૫,૨૨,૪૯૧.૫૬ | ૯૨,૪૭,૪૦૦ | ૬,૮૨,૯૭,૦૧૩.૦૦ |

| વર્ષ | થાપણો | ધિરાણ બાકી | નફો | થ્રિફ્ટ ફંડ વ્યાજ | શેર ડિવિડન્ડ | વ્યાજ વળતર | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૬-૨૦૦૭ | ૯,૮૧,૨૨,૩૨૦.૬૦ | ૨૦,૯૩,૬૫,૩૦૦ | ૪૭,૬૮,૬૬૯.૯૦ | ૧૧% | ૧૫% | - | 'અ' |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૦,૦૭,૮૯,૯૪૪.૦૦ | ૨૧,૩૪,૦૩,૨૫૦ | ૫૭,૫૯,૫૮૭.૦૦ | ૧૨% | ૧૫% | ૩% | 'અ' |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૦,૪૨,૬૭,૬૨૦.૦૦ | ૨૪,૧૧,૩૩,૮૦૦ | ૭૧,૬૦,૮૭૩.૫૮ | ૧૨% | ૧૫% | ૩% | 'અ' |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૩,૦૫,૯૧,૨૬૪.૦૦ | ૨૬,૬૬,૬૪,૭૦૦ | ૪૭,૨૭,૮૧૬.૦૦ | ૭.૫% | ૧૩.૫% | - | 'અ' |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૧,૫૮,૩૦,૨૫૫.૦૦ | ૨૯,૨૪,૫૫,૯૫૦ | ૬૫,૯૫,૮૪૦.૦૦ | ૧૦% | ૧૪% | - | 'અ' |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૧,૩૫,૭૪,૨૦૨.૦૦ | ૨૮,૭૫,૪૬,૪૫૦ | ૭૨,૬૦,૫૮૧.૦૦ | ૧૦% | ૧૪% | - | 'અ' |
| ૨૦૧૨-૨૦૧૩ | ૧૨,૧૪,૨૭,૭૫૬.૦૦ | ૨૭,૯૧,૯૭,૮૫૦ | ૭૧,૧૭,૫૬૧.૦૦ | ૧૦% | ૧૪% | - | 'અ' |
| ૨૦૧૩-૨૦૧૪ | ૭,૯૫,૬૭,૨૫૬.૦૦ | ૨૬,૫૩,૮૪,૯૫૦ | ૭૬,૩૭,૭૧૪.૦૦ | ૧૦% | ૧૪% | - | 'અ' |
| ૨૦૧૪-૨૦૧૫ | ૩,૫૭,૩૮,૦૯૮.૦૦ | ૨૪,૪૨,૮૬,૧૫૦ | ૭૫,૪૬,૭૨૧.૦૦ | ૧૦% | ૧૫% | - | 'અ' |
| ૨૦૧૫-૨૦૧૬ | ૧,૮૦,૧૨,૧૦૬.૦૦ | ૨૨,૧૪,૪૯,૨૫૦ | ૫૩,૩૮,૧૩૫.૦૦ | ૧૦% | ૧૫% | | 'અ' |
| ૨૦૧૬-૨૦૧૭ | ૬૩,૬૭,૬૯૬.૦૦ | ૧૯,૭૧,૯૬,૯૦૦ | ૫૦,૪૬,૬૯૫.૨૮ | ૧૦% | ૧૫% | - | 'અ' |
| ૨૦૧૭-૨૦૧૮ | ૨,૩૯,૩૬૭.૦૦ | ૧૭,૯૩,૪૬,૭૫૦ | ૬૯,૪૫,૯૦૮.૮૮ | ૧૦% | ૧૫% | - | 'અ' |
| ૨૦૧૮-૨૦૧૯ | - | ૧૯,૮૯,૧૫,૫૫૦ | ૬૨,૬૭,૩૦૯.૦૦ | ૧૦% | ૧૫% | - | 'અ' |
| ૨૦૧૯-૨૦૨૦ | ૭૮,૩૪,૫૪૫.૦૦ | ૨૧,૧૧,૪૮,૯૦૦ | ૬૩,૫૪,૧૫૨.૦૦ | ૧૦% | ૧૫% | - | 'અ' |
| ૨૦૨૦-૨૦૨૧ | ૧,૯૫,૯૭,૧૪૯.૦૦ | ૨૧,૦૪,૮૪,૯૦૦ | ૫૫,૧૮,૪૫૫.૦૦ | ૦૯% | ૧૪% | - | 'અ' |
| ૨૦૨૧-૨૦૨૨ | ૩,૭૪,૬૧,૦૨૮.૦૦ | ૨૨,૦૮,૧૧,૮૦૦ | ૬૫,૯૩,૧૬૦.૦૦ | ૧૦% | ૧૫% | - | 'અ' |
| ૨૦૨૨-૨૦૨૩ | ૭,૪૫,૩૫,૧૭૧.૦૦ | ૨૬,૧૪,૭૭,૫૫૦ | ૭૬,૪૪,૬૮૮.૫૦ | ૦૯% | ૧૫% | | 'અ' (સૂચિત) |

**સંસ્થામાં વર્ષ ૨૦૨૨-૨૩ થી ઈ-પેમેન્ટ મારફતે નાણાં સ્વીકારવાનું શરૂ કરવામાં આવેલ છે.**

yono SBI | SBI Payments

MERCHANT NAME: THE GUJ SACHI EMP NEW CR SOCI

UPI ID: SNCSGANDHINAGAR@SBI

## SCAN & PAY

BHIM SBI Pay

BHIM | UPI

BHARAT INTERFACE FOR MONEY | UNIFIED PAYMENTS INTERFACE

## બચત, થાપણ અને રીકરીંગના આકર્ષક દરો

### બાંધી મુદત થાપણ

| | |
|---|---|
| ત્રણ માસ માટે | ૬% |
| છ માસ માટે | ૬.૫૦% |
| બાર માસ માટે | ૭% |
| ચોવીસ માસ માટે | ૭.૫૦% |
| છત્રીસ માસ માટે | ૮% |

(૨૪ તથા ૩૬ માસમાં ઓછામાં ઓછા રોકાણની મર્યાદા રૂા.૧૦૦૦૦૦/-)

| | |
|---|---|
| બચત/સ્પે. બચત ખાતુ | ૫% |
| રીકરીંગ / સ્પે.રીકરીંગ | ૭% |

### રીકરીંગ થાપણના દરો ૭% લેખે

| માસિક હપ્તાની રકમ | પરત મળતી રકમ | | | | |
|---|---|---|---|---|---|
| | ૧૨ માસ પછી | ૨૪ માસ પછી | ૩૬ માસ પછી | ૪૮ માસ પછી | ૬૦ માસ પછી |
| ૫૦ | ૬૨૩ | ૧૨૮૮ | ૧૯૯૪ | ૨૭૪૩ | ૩૫૩૪ |
| ૧૦૦ | ૧૨૪૬ | ૨૫૭૫ | ૩૯૮૯ | ૫૪૮૬ | ૭૦૬૮ |
| ૧૫૦ | ૧૮૬૮ | ૩૮૬૩ | ૫૯૮૩ | ૮૨૨૯ | ૧૦૬૦૧ |
| ૨૦૦ | ૨૪૯૧ | ૫૧૫૦ | ૭૯૭૭ | ૧૦૯૭૨ | ૧૪૧૩૫ |
| ૨૫૦ | ૩૧૧૪ | ૬૪૩૮ | ૯૯૭૧ | ૧૩૭૧૫ | ૧૭૬૬૯ |
| ૩૦૦ | ૩૭૩૭ | ૭૭૨૫ | ૧૧૯૬૬ | ૧૬૪૫૮ | ૨૧૨૦૩ |
| ૩૫૦ | ૪૩૫૯ | ૯૦૧૩ | ૧૩૯૬૦ | ૧૯૨૦૧ | ૨૪૭૩૬ |
| ૪૦૦ | ૪૯૮૨ | ૧૦૩૦૦ | ૧૫૯૫૪ | ૨૧૯૪૪ | ૨૮૨૭૦ |
| ૪૫૦ | ૫૬૦૫ | ૧૧૫૮૮ | ૧૭૯૪૮ | ૨૪૬૮૭ | ૩૧૮૦૪ |
| ૫૦૦ | ૬૨૨૮ | ૧૨૮૭૫ | ૧૯૯૪૩ | ૨૭૪૩૦ | ૩૫૩૩૮ |
| ૧૦૦૦ | ૧૨૪૫૫ | ૨૫૭૫૦ | ૩૯૮૮૫ | ૫૪૮૬૦ | ૭૦૬૭૫ |
| ૧૫૦૦ | ૧૮૬૮૩ | ૩૮૬૨૫ | ૫૯૮૨૮ | ૮૨૨૯૦ | ૧૦૬૦૧૩ |
| ૨૦૦૦ | ૨૪૯૧૦ | ૫૧૫૦૦ | ૭૯૭૭૦ | ૧૦૯૭૨૦ | ૧૪૧૩૫૦ |
| ૩૦૦૦ | ૩૭૩૬૫ | ૭૭૨૫૦ | ૧૧૯૬૫૫ | ૧૬૪૫૮૦ | ૨૧૨૦૨૫ |
| ૪૦૦૦ | ૪૯૮૨૦ | ૧૦૩૦૦૦ | ૧૫૯૫૪૦ | ૨૧૯૪૪૦ | ૨૮૨૭૦૦ |
| ૫૦૦૦ | ૬૨૨૭૫ | ૧૨૮૭૫૦ | ૧૯૯૪૨૫ | ૨૭૪૩૦૦ | ૩૫૩૩૭૫ |
| ૧૦૦૦૦ | ૧૨૪૫૫૦ | ૨૫૭૫૦૦ | ૩૯૮૮૫૦ | ૫૪૮૬૦૦ | ૭૦૬૭૫૦ |

વધુ વિગત માટે સંસ્થામાં રૂબરૂ સંપર્ક કરો.


# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

બ્લોક નં. ૬, બીજો માળ, સચિવાલય સંકુલ, ગાંધીનગર.

ફોન : ૨૩૨-૫૨૯૫૪, ૨૩૨-૫૧૪૯૬.

Email : sncs1982@gmail.com | Website : https://www.sncsgujarat.org



Printed by : Jyot Art Printery, G.I.D.C., Sector-28, G'nagar.